RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 173, Dt.05-10-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજે સાંજે જમ્મુ કાશ્મીર અને હરિયાણાના એકઝીટ પોલ

## જમ્મુ કાશ્મીરમાં ગત સપ્તાહે મતદાન સંપન્ન થઈ હતું અને હરિયાણામાં આજના એક જ તબકકાના મતદાનમાં તમામ ૯૦ બેઠકોને આવરી લેવાઈ છે

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભાના એકઝીટ પોલ આજે સાંજે આવશે. જમ્મુ કાશ્મીરમાં ગત સપ્તાહે મતદાન સંપન્ન થઈ ગયું હતું અને હરિયાણામાં આજના એક જ તબકકાના મતદાનમાં તમામ ૯૦ બેઠકોને આવરી લેવાય છે અને હવે સાંજે ૬.30 બાદ એકઝીટ પોલ જાહેર કરી શકાશે.રાજકીય દ્રષ્ટિએ હરિયાણાની વિધાનસભા ચૂંટણીના પરિણામ અત્યંત મહત્વના બની રહેનાર છે. જયારે જમ્મુ કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે અને ખાસ કરીને કલમ 3૭૦ની નાબુદી બાદ પ્રથમ વખત યોજાયેલી ચૂંટણીમાં ભારે મતદાન થયું છે અને તેથી જ જમ્મુ કાશ્મીરી જનતાનો મુડ પણ નિશ્ચિત થશે.

મોદી સરકારે જે રીતે શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે કરેલા પ્રયાસોને રાજયની જનતાએ વધાવી લીધા હતા અને ત્રાસવાદગ્રસ્ત ક્ષેત્રોમાં પણ ૫૦ થી ૬૦ ટકા જેવું ભારે મતદાન નોંધાયું હતું આમ રાજયના ચૂંટણી પરિણામનો આગામી સમયમાં જમ્મુ કાશ્મીરના જનતાનું ભાવિ નકકી કરશે.

હરિયાણામાં ભાજપ સતત ત્રીજી વખત ચૂંટણી જીતવા માંગે છે અને




આ ચૂંટણી પરિણામોએ આગામી માસમાં જ યોજાનારી મહારાષ્ટ્રની ચૂંટણી પર અસર કરશે અને તેથી રાજકીય દ્રષ્ટિએ પણ મતદારોનો મિજાજ એ રાષ્ટ્રીય રાજકારણને દિશા આપે તેવા સંકેત છે. ચૂંટણીમાં મુખ્યમંત્રી નયબ સિંહ સૈની, પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને કોંગ્રેસના વિનેશ ફોગટ અને જેજેપીના દુષ્યંત ચૌટાલા સહિત કુલ ૧૦૩૧ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે. જેમાંથી ૪૬૪ અપક્ષ ઉમેદવારો છે. આ ચૂંટણીમાં ૨ કરોડથી વધુ મતદારો મતદાન કરશે. સત્તાધારી ભાજપ રાજયમાં જીતની હેટ્રિક ફટકારવાની આશા રાખી રહ્યું છે, જયારે કોંગ્રેસ એક દાયકા પછી પુનરાગમન કરવાની આશા રાખી રહી છે.


આ ચૂંટણીમાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ, AAP, INLD-BSP અને JJP–આઝાદ સમાજ પાર્ટી સામેલ છે

## ત્રીજું નોરતું:દેવી ચંદ્રઘંટાની શીખ- સમસ્યાઓનો સામનો કરવા હંમેશા તૈયાર રહો; દેવીને દૂધથી બનેલી મીઠાઈઓ અર્પણ કરો



ચંદ્રઘંટા દેવી દુર્ગાની ત્રીજી શક્તિ છે. આજે (૫ ઓક્ટોબર) નવરાત્રિના ત્રીજા દિવસે તેમની પૂજા કરો. આ સ્વરૂપમાં, દેવીના કપાળ પર અર્ધચંદ્રાકાર ચંદ્ર છે, તેથી દેવીનું નામ ચંદ્રઘંટા પડ્યું. આપણા શરીરમાં સપ્ત (સાત) ચક્રો છે અને તેમાં વિવિધ દેવીઓનો વાસ હોવાનું માનવામાં આવે છે. દેવી ચંદ્રઘંટા આપણા શરીરના મણિપુર ચક્રમાં નિવાસ કરે છે. દેવી ચંદ્રઘંટા લાલ–પીળા તેજસ્વી વસ્ત્રોમાં દેખાય છે, તેથી ભક્તોએ તેમની પૂજામાં લાલ–પીળા અથવા નારંગી વસ્ત્રો પહેરવા જોઈએ. સવારે સ્નાન કર્યા પછી, દેવીની પૂજા કરવાનો સંકલ્પ લો અને ઘરના મંદિરમાં વ્રત રાખો. આ પછી દેવીની પૂજા કરો અને દિવસભર ઉપવાસ રાખો. દેવી મંત્રનો જાપ કરો. સાંજે ફરીથી પૂજા કર્યા પછી ઉપવાસ તોડો. દેવી ચંદ્રઘંટા તેના શસ્ત્રો અને વાહન સિંહ સાથે રાક્ષસો સામે લડવા તૈયાર છે. દેવીનું આ સ્વરૂપ સંદેશ આપે છે કે વ્યક્તિએ દુષ્ટતા અને મુશ્કેલીઓનો સામનો કરવા માટે હંમેશા તૈયાર રહેવું જોઈએ.

## શેરબજારમાં પાંચ દિવસમાં ૧૬.૨૬ લાખ કરોડ રૂપિયા સ્વાહા



છેલ્લા થોડા દિવસથી શેર માર્કેટમાં મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો નોંધાતા રોકાણકારો મુશ્કેલીમાં મુકાયા છે. 30 સપ્ટેમ્બરે શેરબજાર ખુલ્યું ત્યારે રોકાણકારોએ કલ્પના પણ નહીં કરી હોય કે આ અઠવાડિયું તેમના માટે આપત્તિજનક સપ્તાહ સાબિત થશે. ગયા અઠવાડિયે શુક્રવારે શરૂ થયેલો ઘટાડો આ સપ્તાહના શુક્રવાર સુધી ચાલુ રહ્યો હતો. ગયા સપ્તાહે શુક્રવારથી શરૂ થયેલો શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ કાલે સતત ૫માં દિવસે પણ ચાલુ રહ્યો હતો. શેરબજારમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે રોકાણકારોના લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

નિષ્ણાતોનું માનવું છે કે પશ્ચિમ એશિયામાં વધતા તણાવની સીધી અસર શેરબજાર પર જોવા મળી રહી છે. માર્કેટમાં ૫ દિવસથી ચાલી રહેલા ઘટાડાથી શેરબજારના રોકાણકારોને ૧૬.૨૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ ૫ દિવસના ઘટાડા પછી ગ્સ્ચ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૧૬,૨૬,૬૯૧.૪૮ કરોડ ઘટીને રૂ. ૪,૬૦,૮૯,૫૯૮.૫૪ કરોડ થયું હતું.ઈજીઊ સેન્સેક્સ ૮૦૮.૬૫ પોઈન્ટ ઘટીને ૮૧,૬૮૮.૪૫ પોઈન્ટ પર બંધ થયો હતો. બીજી તરફ નિફ્ટી ૫૦ પણ ૨૦૦.૨૫ પોઈન્ટ ઘટીને ૨૫,૦૪૯.૮૫ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. તમને જણાવી દઈએ કે આ અઠવાડિયું ભારતીય બજાર માટે ઘણું ખરાબ રહ્યું. આ અઠવાડિયે સેન્સેક્સમાં કુલ ૩૮૮૩.૪૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે બીજી તરફ આ સપ્તાહે નિફ્ટી ૫૦માં કુલ ૧૧૨૯.૧૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. ગયા અઠવાડિયે ગુરુવારે સેન્સેક્સ ૬૬૬.૨૫ પોઈન્ટના વધારા સાથે ૮૫,૮૩૬.૧૨ પોઈન્ટની નવી વિક્રમી સપાટીએ ૨૬,૨૧૬.૦૫ પોઈન્ટ અને નિફ્ટી ૫૦ ૨૧૧.૯૦ પોઈન્ટના વધારા સાથે ૨૬,૨૧૬.૦૫ પોઈન્ટની નવી વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. એટલે કે ગયા સપ્તાહે ગુરુવારથી અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૪૧૪૭.૬૭ પોઈન્ટ્સ અને નિફ્ટીમાં ૧૧૬૬.૨૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે.

## હરિયાણામાં પરિવર્તન કે પુનરાવર્તન:ઉત્સાહભેર મતદાન

### ૧૦૩૧ ઉમેદવારોના ભાવી દાવ પર: લોકસભા ચૂંટણી બાદ રાજકીય પક્ષોનો વધુ એક લીટમસ ટેસ્ટ

**મુખ્ય સમાચાર,ચંદીગઢ**

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી માટે આજે મતદાનનો પ્રારંભ થયો છે.૯૦ વિધાનસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. હરિયાણા ચૂંટણી માટે ભાજપે ૯૦માં ૮૯ સીટો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. કોંગ્રેસે પણ ૮૯ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. સીપીએમ એક સીટ પર ચૂંટણી લડી રહી છે. જેજેપી–આઝાદ સમાજ પાર્ટી ગઠબંધન ૭૮ સીટો પર ચૂંટણી લડી રહ્યું છે. જેમાંથી જેજેપીએ ૬૬ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે, જયારે ૧૨ સીટો એએસપીને આપવામાં આવી છે. ILND ૫૧ સીટો પર ચૂંટણી લડી રહી છે. જયારે તેણે તેના સહયોગી બીએસપીને ૩૫ સીટો આપી છે. તે જ સમયે, આમ આદમી પાર્ટીએ ૮૮ સીટો પર દાવ લગાવ્યો છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કુલ ૧૦૩૧ ઉમેદવારો મેદાનમાં છે. જેમાંથી ૧૦૧ મહિલાઓ છે. ૮ ઓકટોબરે મતગણતરી હાથ ધરાશે. વહેલી સવારે અનેક બૂથ પર લોકોની ભીડ જોવા મળે છે. તેમના મતદાનને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં ફતેહાબાદ વિધાનસભાના ખુજરીના પોલિંગ બૂથ પર લોકોની લાંબી કતાર જોવા મળી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડ પર એક પોસ્ટમાં લખ્યું, ‘હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. હું તમામ મતદારોને લોકશાહીના આ પવિત્ર તહેવારનો ભાગ બનવા અને મતદાનનો નવો રેકોર્ડ બનાવવા અપીલ કરૂ છું. આ અવસરે રાજયના તમામ યુવા મિત્રોને મારી ખાસ શુભેચ્છાઓ કે જેઓ પ્રથમ વખત મતદાન કરવા જઈ રહ્યા છે.’

હરિયાણાના સિરસામાં, પૂર્વ ઉપમુખ્યમંત્રી અને ઉચાના કલાન બેઠક પરથી જેજેપીના ઉમેદવાર દુષ્યંત



ચૌટાલાએ પોતાનો મત આપ્યો. તેમણે કહ્યું કે હું દરેક નાગરિકને વિનંતી કરૂ છું કે બહાર આવીને મતદાન કરે. લોકશાહીનો આ સૌથી મોટો તહેવાર છે અને આ સૌથી મોટા તહેવારમાં દરેકનો મત મહત્વપૂર્ણ છે. તમારા મતની શક્તિ દેશને મજબૂત બનાવશે.

આ ચૂંટણીમાં મુખ્યમંત્રી નયબ સિંહ સૈની, પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને કોંગ્રેસના વિનેશ ફોગટ અને જેજેપીના દુષ્યંત ચૌટાલા સહિત કુલ ૧૦૩૧ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે. જેમાંથી ૪૬૪ અપક્ષ ઉમેદવારો છે. આ ચૂંટણીમાં ૨ કરોડથી વધુ મતદારો મતદાન કરશે. સત્તાધારી ભાજપ રાજયમાં જીતની હેટ્રિક ફટકારવાની આશા રાખી રહ્યું છે, જયારે કોંગ્રેસ એક દાયકા પછી પુનરાગમન કરવાની આશા રાખી રહી છે. આ ચૂંટણીમાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ, AAP, INLD-BSP A“¡ JJP-આઝાદ સમાજ પાર્ટી સામેલ છે.

કોંગ્રેસ સાંસદ કુમારી સેલજાએ હરિયાણામાં પોતાનો મત આપ્યો. સીએમ બનવાના સવાલ પર તેમણે કહ્યું કે પાર્ટી નિર્ણય લે છે. આ આપણી પરંપરા છે. આજે હરિયાણાનું ભાગ્ય બદલાશે. આજે એકતરફી હરીફાઈ છે અને લોકો તે બતાવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી અને અમે નીતિ અને નેતૃત્વ પર મજબૂત છીએ. અમે રાજયની તમામ ૯૦ બેઠકો જીતવા માટે ચૂંટણી લડી રહ્યા છીએ.કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર મતદાન કરવા કર્નાલના એક મતદાન મથક પર પહોંચ્યા હતા. અહીં તેમણે કહ્યું કે લોકોએ આજે  જ મતદાન કરવું જોઈએ. વહીવટી તંત્રએ તમામ વ્યવસ્થા કરી લીધી છે અને ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાશે. ભાજપને જીતનો વિશ્વાસ છે

## કાશ્મીરમાં ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ : બે આતંકી ઠાર

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા. હાલમાં સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. સુરક્ષા દળોને આશંકા છે કે અહીં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોઈ શકે છે.

કુપવાડામાં આતંકવાદીઓની ઘૂસણખોરીની બાતમી મળ્યા પછી, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ભારતીય સેનાએ શુક્રવારે જિલ્લામાં સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. શંકાસ્પદ ગતિવિધિની જાણ થયા બાદ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં શુક્રવારે જ સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે આતંકવાદીઓ વિશે ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ કિશ્તવાડ જિલ્લાના ચત્રુ ગામમાં સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં અંકુશ રેખા (એલઓસી) નજીક શુક્રવારે લેન્ડમાઈન વિસ્ફોટમાં બે સેન સૈનિકો ઘાયલ થયા હતા. બંને જવાનોને ડ્રગમુલ્લા સ્થિત આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આર્મીની શીખ રેજીમેન્ટના જવાનોનું એક જૂથ એલઓસી પર



પેટ્રોલિંગ કરી રહ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરની વિધાનસભા ચૂંટણી કોઈપણ હિંસા અને રક્તપાત વિના શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. ચૂંટણી દરમિયાન સરહદ પારથી કોઈપણ પ્રકારની યોજનાઓને નિષ્ફળ બનાવવા માટે સુરક્ષા દળોની વધારાની તૈનાતી કરવામાં આવી હતી.

અગાઉ ૨૮ સપ્ટેમ્બરે કઠુઆ જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં જમ્મુ-કાશ્મીર પોલીસના હેડ કોન્સ્ટેબલ બશીર અહેમદ શહીદ થયા હતા. આ એન્કાઉન્ટરના બીજા દિવસે સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો.

## શાકભાજી – દાળના ભાવમાં વધારાના કારણે શાકાહારી થાળી ૧૧ ટકા મોંઘી

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દેશમાં નૈઋત્યના ચોમાસાના સારા વરસાદ બાદ દિવાળી પછી મોંઘવારીમાં ઘટાડો થવાની જે ધારણા હતી તેના પર યુદ્ધની સ્થિતિએ પાણી ફેરવી દીધું છે અને હવે બટેટા-ડુંગળી, ટમેટાની કિંમતોમાં સપ્ટેમ્બર માસમાં આવેલા ઉછાળાથી કિચન બજેટમાં પણ વધારો નિશ્ચિત થઈ ગયો છે.

સપ્ટેમ્બર-૨૦૨૩ની સરખામણીએ શાકહારી ભોજનની થાળી ૧૧ ટકા મોંઘી બની ગઈ છે. ગત વર્ષે તે ૨૮.૧ રૂ.નો સરેરાશ ખર્ચ હતો તે ૩૧.૩ રૂપિયા થઈ ગયો છે. ઓગસ્ટ માસમાં પણ આ ભાવ રૂ.૩૧.૨ હતા જ્યારે દાળની કિંમતોમાં ગત વર્ષની તુલનાએ ૧૪ ટકાનો વધારો થયો છે.

ચાલુ વર્ષના પ્રારંભમાં સરકારે લોકસભા ચૂંટણીને કારણે પેટ્રોલ-ડીઝલના ભાવમાં રૂ.૨ પ્રતિ લીટરનો ઘટાડો કર્યો હતો તેના કારણે મોંઘવારી ઘટી હતી પણ ફરી એક વખત ભાવ વધવા લાગ્યા છે.

રેટીંગ એજન્સીના રીપોર્ટ મુજબ શાકભાજીના ભાવ ૫૦ ટકા જેટલા વધી ગયા છે જેના કારણે ભોજનની થાળી મોંઘી બની છે. સપ્ટેમ્બર મહિનામાં બટેટાના ભાવમાં ૫૦ ટકા, ડુંગળીના ભાવમાં ૫૩ ટકા અને ટમેટાના ભાવમાં ૧૮ ટકાનો વધારો થયો છે. આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ઉત્પાદનને અસર થઈ.



આ સપ્તાહે સોના-ચાંદી પણ મોંઘા બન્યા છે. ઈન્ડિયા બુલીયન એન્ડ જ્વેલર્સ એસો.ની વેબસાઈટ અનુસાર ગત શનિવારે એટલે કે તા.૨૮ સપ્ટેમ્બરના રોજ સોનુ રૂ.૭૫૬૪૦ હતું જે પાંચ ઓકટોબરના રોજ રૂ.૭૫૯૬૪ (૧૦ ગ્રામ) પહોંચી ગયું છે એટલે અઠવાડિયામાં રૂ.૩૨૪નો ભાવ વધારો થયો છે. જ્યારે ચાંદીમાં રૂ.૯૧૪૩૮ (પ્રતિ કિલો) હતા તે હવે ૯૨૨૦૦ થયા છે આમ તેના ભાવમાં ૭૫૨ રૂપિયાનો વધારો થયો છે.



# લાલપુરના ઝાખર ગામે ભાભીની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરતો દીયર


## દિયર–ભાભીના આડા સંબધનો કરૂણ અંજામઃ હત્યારાએ ફોન કરી ભાઇને જાણ કરી

**મુખ્ય સમાચાર,જામનગર**

લાલપુર તાલુકાના ઝાખર ગામે રહેતા અને ટ્રક ડ્રાઈવીંગ કરતા યુવાનના સગા ભાઈએ અગાઉના આડાસંબંધ અને ગુસ્સાના કારણે ભાઈની પત્નીની પથ્થરના ઘા ઝીંકીને હત્યા કરી ફરાર થઈ જતાં ભારે ચકચાર મચી જવા પામી છે. આરોપી પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળે છે.

અત્યંત ચોંકાવનારી આ બનાવની મળતી માહિતી મુજબ બળવંતસિંહ પ્રેમસંગ સોઢા કે જે ઝાખર ગામે રહી ટ્રક ડ્રાઈવીંગનો ધંધો કરે છે. તે તેની પત્ની અને રીનાબા અને બે પુત્રો સાથે ૫ વર્ષથી વસવાટ કરતા હતા. દરમિયાન તેઓ જયારે જુનાગઢના સુત્રાપાડા તાલુકાના ગામમાં રહેતા હતા ત્યારે તેની પત્ની રીનાબાને તેના સગા નાનાભાઈ વિજયસિંહ સાથે આડાસંબંધ બંધાયા હતા. જે અંગેની જાણ જે તે સમયે બળવંતસિંહને થતાં તેમને બંનેને ઠપકો આપ્યો હતો અને બંને દૂર રહેવાનું વચન આપ્યું હતું. પરંતુ ફરીથી આ સિલસિલો શરૂ થઈ જતા તેઓ પત્ની તથા બાળકો સાથે ઝાખર ગામે રહેવા આવી ગયા હતા.

દરમિયાન દોઢ મહિના પહેલાં વિજયસિંહ પણ ઝાખર ગામ આવ્યો હતો અને તેમની સાથે રહેવા લાગ્યો હતો. ગુરૂવારે રાત્રે પતિ–પત્ની વચ્ચે મોબાઈલને લઈને ઝઘડો થયો હતો જેમાં વિજયસિંહ વચ્ચે કૂદ્યો હતો જે બાદ રીનાબા ગુસ્સામાં તેના માતાના ઘરે જવા નીકળી જેની પાછળ વિજયસિંહ પણ ગયો હતો. દરમિયાન પોતાની પત્નીને શોધવા બળવંતસિંહ પણ ગયા હતા. પરંતુ સાસુના ઘરે તેની પત્ની પહોંચી ન હતી. અને રસ્તામાં તપાસ કરતા લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી અને વિજયસિંહને ત્યાંથી તેને ભાગતા જોયો હતો. જેથી તેને તાત્કાલિક ૧૦૮ બોલાવી પત્નીને હોસ્પિટલ ખસેડી હતી પરંતુ ત્યાં સુધી તેણીનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં વિજયસિંહે મોઢા અને કપાળ પર પથ્થર વડે





હુમલો કરી હત્યા નિપજાવી હતી. પોલીસ વિજયસિંહને શોધી રહી છે જે હાથવેંતમાં હોવાનું જાણવા મળે છે. પત્નીની હત્યાની જાણ પતિ દ્વારા કરવામાં આવતા પીઆઈ પી ટી જયસ્વાલ તથા સ્ટાફે સ્થળ પર પહોંચી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી મૃતકના પતિના નિવેદનના આધારે હત્યારા દિયર વિરૂધ્ધ ફરીયાદ નોંધી.આરોપી ની શોધખોલા હાથ ધરવામાં આવી છે મળતી માહિતી મુજબ આરોપી પોલીસના હાથવેંત માં હોય તેવી માહિતી મળી રહી છે નોંધી શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ટંકારાના ઓટાળા ગામ નજીક ટ્રકે રીક્ષાને ઠોકરે ચડાવતા પિતાની નજર સામે પુત્રનું મોત

### ■ હિટ એન્ડ રનની ઘટનામાં રીક્ષા ચાલક સહિત પતિ–પત્ની ઘાયલ

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારાના લતીપર રોડ ઉપર ઓટાળા ગામ નજીક રીક્ષામાં જઈ રહેલા શ્રમિક પરિવારને અકસ્માત નડ્યો હતો, જેમાં અજાણ્યા ટ્રક ટેન્કરે રીક્ષાને હડફેટે લેતા રીક્ષા ચાલક સહિત શ્રમિક પરિવારના પતિ પત્ની તથા તેમના પુત્રને ઈજાઓ પહોંચી હતી., જે પૈકી તેમના પુત્રનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતની આ ઘટનામાં ત્રણ ટેન્કર ચાલક અકસ્માત સર્જી તેનું વાહન લઈને નાસી ગયો હતો, હાલ મૃતકના પિતા દ્વારા ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ત્રણ ટેન્કરના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા આગળની તપાસ ચલાવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ભુજ–માધાપર હાઈવે ઉપર ઈન્ડિયન ગેસ ગોડાઉન પાસે ઝૂંપડામાં રહેતા હાલ મોરબીના રાજપર ગામે આવેલ ફોરમ કંપનીમાં રહેતા પ્રકાશભાઈ પરશોતમભાઈ વાઘેલા ઉ.૩૯ ગત તા. ૨૫/૦૯ના રોજ તેમની પત્ની બબીબેન તથા પુત્ર વીર સાથે મનસુખભાઈની રીક્ષા રજી.નં. જીજે–૦૩–એડબલ્યુ–૦૪૪૧માં જઈ રહ્યા હોય તે દરમિયાન ટંકારાના લતીપર રોડ ઉપર ઓટાળા ગામ નજીક ટ્રક–ટેન્કરના ચાલકે પોતાનું ટેન્કર પુરગતિએ ચલાવી ઉપરોક્ત રીક્ષાને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો, અકસ્માત સર્જી ટ્રક–ટેન્કર ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો, ત્યારે આ હિટ એન્ડ રન અકસ્માતમાં શરીરે ગંભીર ઈજાઓ કારણે પ્રકાશભાઈના પુત્ર વીરનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે પ્રકાશભાઈ તથા તેમના પત્ની બબીબેન તેમજ રીક્ષા ચાલક મનસુખભાઈને નાની–મોટી ઈજાઓ પહોંચી હતી. ત્યારે પોલીસે અજાણ્યા ટ્રક–ટેન્કરના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામજોધપુરના માંડાસણમાં આંગણવાડીમાં નોકરી કરતી પત્ની પર પતિએ તલવારથી હુમલો કરી હાથની આંગળીઓ કાપી નાખી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના માંડાસણ ગામે આંગણવાડીમાં નોકરી કરતી પરિણીતા પર તેના જ પતીએ તલવાર વડે હુમલો કરી હાથની આંગળીઓ કાપી નાખી, માથાના ભાગે તલવારના ઘા જીકી ગંભીર ઈજાઓ પહોચાડી છે. વર્ષોથી રીસામણે બેસેલી પત્ની આંગણવાડી અને હોસ્પિટલમાં નોકરી કરતી પત્નીનો આ વ્યવહાર પતિને ગમતો ન હોવાથી બોલાચાલી કરી હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જાહેર થયું છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા ગામે ભાડાના મકાનમાં રહેતી અને જામજોધપુર તાલુકાના માંડાસણ ગામે આંગણવાડીમાં નોકરી કરતી મહિલાના લગ્ન માંડાસણ ગામે રહેતા યુવક સાથે થયા હતા. દસ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા. આ લગ્નજીવનથી તેઓએ બે દીકરીઓને પણ જન્મ આપ્યો હતો. દરમિયાન દંપતી વચ્ચે મનદુઃખ થતા મહિલા રીસામણે ચાલ્યા ગયા હતા અને ઉપલેટા રહી માંડાસણ ગામે આંગણવાડી વર્કર તરીકે નોકરી કરતા હતા. આ દરમિયાન ગઈ કાલે તેઓ ઉપલેટાથી બસમાં બેસી માંડાસણ ગામે નોકરીએ ગયા હતા. તેઓ આંગણવાડીએ હતા ત્યાં તેઓના પતી આવ્યા હતા અને ઝઘડો કરવા લાગ્યા હતા.

દરમિયાન ઉકેરાઈ જઈ પતિએ પોતાના હાથમા પ્રાણઘાતક હથીયાર તલવાર ધારણ કરી પત્નીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં તલવાર વડે જીવલેણ હુમલો કરી તલવારનો ઘા મારી જીવલેણ ગંભીર ઈજા પહોંચાડી હતી. તલવાર વડે શરીરે આડેધડ ઘા મારી તેણીના જમણા હાથનો અંગુઠો તથા આંગળીઓ કાપી નાખી, બન્ને હાથ તથા પગમા તલવાર વડે આડેધડ ઘા મારી ગંભીર ઈજાઓ પહોચાડી ગાળો આપી જાનથી મારી



નાખવાની ધમકી આપી પતિ નાશી ગયો હતો. આ બનાવ બાદ ગંભીર રીતે ઘવાયેલી પત્નીને ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર લીધા બાદ તેણીએ પોતાના પતી સામે જામજોધપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

૧૫ વર્ષ પૂર્વે બંનેના લગ્ન થયા હતા. લગ્નગાળા દરમિયાન તેણીને બે પુત્રીઓ જન્મી હતી. બંને વચ્ચે મનદુઃખ થતા તેણીની માવતરે ચાલી ગઈ હતી. બંને પુત્રીઓને પિયરમાં રાખી તેણીની ઉપલેતા રહી માંડાસણ ગામે આંગણવાડી વર્કર તરીકે અને બપોર બાદ હોસ્પિટલમાં નોકરી કરતી હતી. દરમિયાન તેણીએ આરોપી પતિ સામે ભરણપોષણનો પણ કેસ કર્યો હતો.

# ભુજમાં માત્ર રૂા.૧ હજારની ઉઘરાણી પ્રશ્ને મીત્રને મીત્રએ પતાવી દીધો



**મુખ્ય સમાચાર,ભુજ**

ભુજમાં નોરતાના પ્રથમ દિવસની રાત્રીએ જ ઉછીના આપેલા રૂપિયા ૧૦૦૦ મિત્ર પાસે પરત માગતા ઉશ્કેરાયેલા મિત્રએ નેફામાંથી છરી કાઢી મિત્રને છાતીના ભાગે ઘા ઝીંકી દેતા તેનું ઢીમ ઢાળી ગયું હતું. આમ મામુલી એવી એક હજારની ઉઘરાણી મામલે મિત્રએ મિત્રનું ઢીમ ઢાળી દીધું હતું. આ બનાવ બાદ હરકતમાં આવેલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે.

ભુજ શહેરના સંજોગનગરમાં નવરાત્રિ ની પ્રથમ રાત્રેજ એક યુવકની છરીના ઘા મારી ઘાતકી હત્યા નિપજાવી દેવાયાની ઘટના બની હતી. બનાવના પગલે સમગ્ર શહેરમાં ચકચાર પ્રસરી ગઈ હતી. હતભાગી યુવકે ઉધાર આપેલા એક હજાર પરત માગતાં આરોપી ઈમરાન ઉર્ફે વાલડી મુબારક જુણેજાએ ૨૦ વર્ષીય યુવક ઝેન અબ્દુલરઝાક હિંગોરજાને છાતીમાં છરી પરોવી કરપીણ હત્યા નીપજાવી હતી. બી ડિવિઝન પોલીસે આરોપીને રાત્રેજ રાઉન્ડઅપ કરી લીધો હતો. બનાવના પગલે જનરલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં યુવાનો અને પરિજનો એકત્ર થયા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગત રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં ભુજના સંજોગનગર પાસે થયેલી હત્યાના બનાવમાં લોહી નિંગળતી હાલતમાં રુઝેનને ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.ટૂંકી સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. બનાવના પગલે અનેક યુવાનો તથા મૃતકના પરિજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા. તો પરિજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બન્યું હતું. એલીસીબીના પીઆઈ સંદીપસિંહ ચૂડાસમા, એ–ડિવિઝનના પીઆઈ એજી પરમાર સહિતના અધિકારીઓ જીકે જનરલ હોસ્પિટલ દોડી ગયા હતા. આરોપી ઈમરાનને રાઉન્ડઅપ કરી લેવાયાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મૃતક સ્કેન અને આરોપી ઈમરાન મુશ્કાનનગર– સંજોગનગરમાં રહેતા હતા. મૃતક રઝને આરોપી ઈમરાનને રૂા. એક હજાર ઉધાર આપ્યા હતા, જે રૂપિયા ઝેને પરત માગતાં ઈમરાન ઉશ્કેરાઈ ગયો હતો અને ધારદાર છરી વડે ઝેનની કરપીણ હત્યા નીપજાવી દીધી હતી. પોલીસે ફરિયાદ નોંધાવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના નવા ઘનશ્યામગઢ ગામે થયેલ મોબાઈલની ચોરીનો ભેદ ઉકેલાયો:પરપ્રાંતિય આરોપીને દબોચી લેવાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ તાલુકાના નવા ઘનશ્યામગઢ ગામે પાનની દુકાનેથી થયેલ મોબાઈલ ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપી તરીકે મૂળ એમપી રાજ્યના એક શખ્સની અટકાયત કરવામાં આવી છે. એલસીબી પોલીસે આરોપી પાસેથી ચોરી કરેલ મોબાઈલ જપ્ત કરી તેની વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચોરી થયેલ મોબાઈલની જાણવા મળતી વિગતો મુજબ ગઈ તા.૨૨ સપ્ટે. ના રોજ ફરીયાદી હર્ષદભાઈ કાનજીભાઈ લોરીયા રહે.નવા ઘનશ્યામગઢવાળા તથા તેનો ભત્રીજો જીતેંદ્રભાઈ જાદવજીભાઈ બન્ને તેની નવા ઘનશ્યામગઢ ગામે આવેલ પાનની દુકાને હાજર હતા તે દરમિયાન કોઈ અજાણયા વ્યકિતએ જીતેન્દ્રભાઈનો વીવો કંપનીનો વી–૨૯ મોબાઈલ કિ.રૂ.૨૦ હજારની ચોરી કરી લઈ જતા હર્ષદભાઈ દ્વારા મોબાઈલ ચોરી અંગે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉપરોક્ત મોબાઈલ ચોરીની ફરિયાદને આધારે ચોરી કરનારને પકડી લેવા હળવદ પોલીસ તથા એલસીબી પોલીસ ટીમ કાર્યરત હોય તે દરમિયાન એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ હિતેંદ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ નિરવભાઈ મકવાણા, કોન્સ વિક્રમભાઈ ફુગશીયા તથા વિક્રમભાઈ રાઠોડને સયુંકતમાં હ્યુમન ઈન્ટેલીજન્સના માધ્યમથી બાતમી મળેલ કે મોબાઈલ ચોરીને અંજામ આપનાર મૂળ એમપી રાજ્યનો હાલ નવા ઘનશ્યામગઢ ગામે રહેતો શિવમ નવલભાઈ બામણીયા છે. જે ઈસમ હાલ નવા ઘનશ્યામગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર ઉભેલ છે તેવી હકીકત આધારે તપાસ કરતા આરોપી શિવમ નવલભાઈ બામણીયા પાસેથી ઉપરોક્ત ગુનામાં ગયેલ મોબાઈલ ફોન કિ.રૂ.૨૦ હજાર મળી આવતા મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સબબ આરોપીને હળવદ પોલીસ મથકમાં સોંપી આપવામાં આવ્યો છે.

# જામનગર જિલ્લા જેલમાં આજીવન કેદની સજાના કેદીને સારી વર્તણૂંક બદલ જેલમુકત કરાયો



જામનગર જિલ્લા જેલમાં આજીવન કેદની સજાના કેદીને સારી વર્તણૂંક બદલ જેલમુકત કરાયો છે. તેના જેલના જીવનના અનુભવનું રેકોર્ડીંગ કરાયું છે. ગુજરાત રાજ્યની જેલના ઈન્સપેકટર જનરલ ડો.કે.એલ.એન.રાવ દ્વારા આજીવન કેદની સજા પામેલા અને ૧૪ વર્ષ પુર્ણ કરેલ હોય અને જેલમાં સારી વર્તણુક ધરાવતા કેદીઓને વહેલી તકે માફી મળે તે માટેના હકારાત્મક પ્રયત્નો હાથ ધરાયા છે.જેના ભાગરૂપે ગૃહ વિભાગના આદેશ અનુસાર જામનગરની જીલ્લા જેલમાં આજીવન કેદની સજા ભોગવતા કેદી રજાકશા જુમાશા બાનવા ફકીર ને બી. એન.એસ.એસ. ૨૦૨૩ની કલમ ૪૩૭ હેઠળ બાકીની સજા માફ કરી વહેલી જેલ મુકિત ઉપર છોડવાનો હુકમ કરવામાં આવ્યો હતો. કેદીને શરતો આધિન જેલ મુકત કરાયા છે. તેમજ તેમના જેલ જીવનના અનુભવો રેકોર્ડીંગ કરવામાં આવ્યા છે. તેઓને ફુલહાર કરી મોં મીંઠુ કરાવી ધાર્મિક પુસ્તકો તેમજ પોતાની પોસ્ટ ની પાસબુક આપી સમાજમાં પુનઃસ્થાપનની આશા સાથે જેલ મુક્ત કરવામાં આવ્યા છે.

# મોરબીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડવાને બદલે પ્લાસ્ટિક થેલીઓ બનાવતા યુનિટો બંધ કરવા આમ આદમી પાર્ટીની માંગ

મોરબીમાં નગર પાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓના વેચાણ કરતા વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરી પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો જથ્થો ઝડપી લઈ તેમને દંડ ફટકારવામાં આવે છે. ત્યારે આવા નાના વેપારીઓ કે ફેરિયાઓને દંડ ફાટકારવાને બદલે પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ બનાવવા પર પ્રતિબંધ મૂકી આવા યુનિટો બંધ કરાવવા મોરબી આમ આદમી પાર્ટી દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે. મોરબી પાલિકા દ્વારા છેલ્લા ઘણાં સમયથી નાના વેપારીઓ અને ફેરીયાઓને પ્લાસ્ટિક થેલીઓના ઉપયોગને લઈ દંડ ફટકારીને ઉઘરાણું ચાલુ કર્યું છે ત્યારે મોરબી જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા એક માંગ કરવામાં આવી છે કે જ્યાં પ્લાસ્ટિક થેલીઓ બની રહી છે તે પ્લાસ્ટિક થેલીઓના યુનીટને જ બંધ કરીને પ્લાસ્ટિક થેલીઓ બનાવવા પર પ્રતિબંધ મુકવો જોઈએ. જ્યારે આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલ અને જીલ્લા પ્રભારી પંકજભાઈ રાણસરીયા એ કહ્યું કે પ્લાસ્ટિક થેલીઓ બનાવવા પર જેમ બને તેમ જલ્દી અને કડક રીતે પ્રતિબંધ મુકવો જોઈએ જેથી કરીને નાના વેપારીઓ અને ફેરીયાઓ માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતા હોય ત્યાં તેમને ખોટી રીતે દંડ ના થાય વધુમાં તેઓએ જણાવ્યું કે જો મોરબી પાલિકા આમને આમ નાના વેપારીઓ અને ફેરીયાઓને પ્લાસ્ટિક થેલીઓના નામે હેરાન કરતા રહેશે તો આવનારા સમયમાં નાના વેપારીઓ તથા ફેરિયાઓને સાથે રાખી આંદોલન કરવું પડશે એવી ચીમકી ઉચ્ચારી હતી.

# મોરબી શહેરમાં ભૂગર્ભ ગટરને લગતા કામની આરટીઆઈ હેઠળ સંપૂર્ણ માહિતીની માંગ કરતી કોંગેસ સમિતિ

મોરબી શહેરમાં હાલના સમયમાં સમગ્ર શહેરના અમુક વિસ્તારો બાદ કરતાં ઠેર–ઠેર ભૂગર્ભ ગટરના ગંદા પાણી ઉભરાવવાની સમસ્યા ચાલુ છે. ભૂગર્ભ ગટર મામલે અનેકો વખત રજૂઆતો કરવા છતાં ઉપરોક્ત સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં મોરબી નગરપાલિકા સરાજાહેર નિષ્ફળ ગઈ છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી, ત્યારે મોરબી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ દ્વારા આરટીઆઇ હેઠળ ભૂગર્ભ ગટરને લગતા કામો અને તે સંદર્ભમાં મળેલ ગ્રાન્ટની સંપૂર્ણ માહિતીની માંગ કરવામાં આવી છે. મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા દ્વારા નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરના કામો અને મળેલ જુદીજુદી ગ્રાન્ટને લઈ આરટીઆઇ હેઠળ માહિતી માંગવામાં આવી છે જેમાં તેઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે મોરબી શહેરમાં ઉભરાતી ગટરોએ માજા મુકેલ છે. જેના કારણે જનતા ત્રાહિમામ પોકારી રહી છે. જેથી ગટરને લગતા પ્રશ્નોને લઈ મોરબી નગરપાલીકાને મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની સરકાર સમયે ભુગર્ભ ગટરના કામ કાજ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી ? તેમજ આ ગ્રાન્ટ થકી મોરબી શહેરમાં ભુગર્ભ ગટરના કયા કામો થયેલ છે ? જેની ખર્ચ સહિતની માહિતી, વર્ષ–૨૦૧૪ થી આજ દિન સુધી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ ગટરના કામ માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ? તથા આ ગ્રાન્ટ થકી કરવામાં આવેલ કામો અંગેની માહિતી, પાલિકાના સ્વ ભંડોળમાંથી ભૂગર્ભ ગટરના કેટલા કામો થયા ? તેમજ હાલ ભૂગર્ભ ગટરના કામો માટે કેટલી ગ્રાન્ટ અસ્તિત્વમાં છે તેની માહિતી પૂરી પાડવા સહિતની માંગ કરવામાં આવી છે. જ્યારે અંતમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત માહિતી નગરપાલીકા કચેરીને લગતી હોય, તેમજ લોકોની પ્રાથમિક સુવિધાને લગતી હોય જે દિન–૧૫માં પુરી પાડવા સહવિનંતી માંગ કરવામાં આવી છે.

# જામનગર યુવા દલિત સમાજના શહેર પ્રમુખનો ચેતનકુમાર ભાંભીનો કાલે જન્મ દીવસ



જામનગર યુવા દલિત સમાજ શહેર પ્રમુખ નો ચેતનકુમાર ભાંભીનો રવિવાર તા:૦૬/૧૦/૧૯૯૫ ના રોજ જન્મ દીવસ છે તેઓ જાગૃત સામાજિક આગેવાન અને સામાજિક કાર્યકર છે તે દલિત સમાજ તેમજ અન્ય સમાજમાં પણ ખુબજ લોક ચાહના ધરાવે છે તેવો હંમેશા સમાજ ના કોઈપણ પ્રશ્ન બાબતે લાંબી લડત આપે છે અને બહોળુ વર્તુળ ધરાવે છે સામાજિક કાર્ય કરવામાં હમેશાં અગ્રેસર રહે છે, કોઈપણ બીમાર અને જરૂરિયાતમંદ લોકોના ઈલાજ માટે ફંડ ઉઘરાવવા જાતે તડકા માં રોડ ઉપર ઉતરી આવે છે તેમજ બ્લડ ડોનેશન કેમ્પ કરવાં અને બ્લડ આપવા યુવાન મિત્રો ને પ્રોત્સાહિન કરવા જાતે દવાખાનામાં જઈ કોરોના દરમિયાન પણ દર્દી કે લોકોને દવા તમજ આર્થીક મદદ કરેલ , તેઓ દ્વારા અનુ જાતિ સમાજ પર કે મહિલાઓ પર થતા અન્યાય કે અત્યાચાર નિવારણ સામાજિક સમરસતા, જેવા પ્રશ્નો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ગુજરાત સરકાર ના મળતા લાભો, વિદ્યાર્થીઓ માટે ફીશિપ કાર્ડ હોસ્ટેલમાં પ્રવેશ ,શાળાઓ કોલેજમાં પ્રવેશ તેમજ શિષ્યવૃતિ વગેરે જેવી શિક્ષણની પ્રવૃત્તિમાં મદદ કરમાં હંમેશા તેઓ અગ્રેસર રહે છે તેમના જન્મદિવસ નિમિત્તે શહેર દલિત સમાજમાં ઉત્સાહની લાગણી ફેલાઈ છે તથા તેમના મિત્રો વર્તુળ તથા સગા સંબંધીઓ અને સ્નેહીજનો દ્વારા ચેતનકુમાર ભાંભી જન્મદિવસ પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે તેમનો મોબાઈલ નંબર ૯૬૦૧૩૨૫૨૫૮

# ઉનામાં દિવ મિરર ન્યુઝના સહ તંત્રી પર આપત્તિજનક ટિપ્પણી કરતા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું



રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના

ઉના શહેરમાં દિવ મિરર ન્યુઝના સહ તંત્રી પર સોશિયલ મીડિયા દ્વારા એક આપત્તિ જનક ટિપ્પણી કરવામાં આવી જેને લઈને દીવ મિરર ન્યુઝ ના તમામ પત્રકારો તેમજ સામાજિક કાર્યકરો આગેવાનો તેમજ પત્રકારો ઉના પ્રાંત અધિકારીએ પહોંચ્યા હતા ત્યારે એ સોશિયલ ફેક એકાઉન્ટ બનાવીને તેમના સહ તંત્રી મહેશભાઈ બામણીયા પર તે એકાઉન્ટ માંથી એક આપત્તિ જનક ટીપણી કરવામાં આવી ત્યારે અખબાર અને ચેનલના માલિક જયંતીભાઈ અને તેઓની સર્વે ટીમ ઉના પ્રાંત અધિકારીએ પહોંચ્યા અને રજૂઆત કરવામાં આવી ત્યારે સાયબર સેલમાં પણ એ ફરિયાદ કરવામાં આવી છે અને જે લોકોએ વાંધાજનક ટીપળી કરી છે તે લોકો પર કાયદેકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે આ તકે તમામ દીવ મિરર ન્યૂઝનાજિલ્લાના પત્રકારો પોત પોતાના વિસ્તારમાં આવેદનપત્ર આપી અને એક રજૂઆત કરી છે જ્યારે આ બનાવ બનતા પત્રકારોમાં

રોસ ભભૂકી ઉઠીયો ઉઠ્યો છે વધુમાં જણાવ્યું તેમના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે તો પ્રતિક ઉપવાસની ચીમકી પણ આપી છે આ બનાવ બનતા સમગ્ર તાલુકામાં હાલ ચર્ચાનો વિષય બન્યો છે

# નાની વાવડી નજીકથી વિદેશી દારૂની ૭ બોટલ સાથે એક ઝડપાયો,સપ્લાયરની શોધખોળ

મોરબી નાની વાવડી નજીક પંચાસર જવાના ગાડા માર્ગ કેનાલ પાસેથી વિદેશી દારૂની ૩૭૫એમએલની ૭ બોટલ સાથે એક ઈસમને એ ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે આરોપીની સઘન પૂછપરછમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણથી આપી ગયેલ શખ્સનું નામ ખુલવા પામ્યું હતું. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન નાની વાવડી ગામ નજીક કબીર આશ્રમથઈ પંચાસર જતા ગાડા માર્ગે કેનાલ રોડ ઉપર શંકાસ્પદ હાલતમાં ઉભેલ ત્રણ શખ્સો પૈકી બે શખ્સો બકવાસ કરતા હોય ત્યારે ત્રણેય શખ્સોને રોકી તેની તલાસી લેતા ઉપરોક્ત બકવાસ કરતા બંને આરોપીઓએ કેફી પીણું પીધેલી હાલતમાં હોય તેમજ ત્રીજા શખ્સ પાસે રહેલ ઠેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૭૫એમએલની ૭ બોટલ મળી આવી હતી. જેથી આરોપી ભરતસિંહ ગંભીરસિંહ જાડેજા ઉવ.૪૧ રહે.નાની વાવડી મારુતિનગર શેરી નં.૧ વાળાની અટકાયત કરવામાં આવી હતી. ત્યારે પોલીસ દ્વારા તેની આગવી ઢબે પૂછતાછ કરતા વિદેશી દારૂનો જથ્થો મોરબીના રણછોડનગરમાં રહેતા સાગરભાઈ ધીરુભાઈ ચાવડા પાસેથી વેચાણ કરવાના ઈરાદે લાવ્યો હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે આરોપી સાગરભાઈ ચાવડાને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે ઉપરોક્ત આરોપી ભરતસિંહ સાથે રહેલા બંને આરોપી કે જેઓ કેફી પ્રવાહી પીધેલા હોય જેમાં પરેશભાઈ ગભાભાઈ ગોહિલ ઉવ.30 તથા જીજ્ઞેશભાઈ વિનુભાઈ સરવૈયા ઉવ.૩૩ સામે અલગથી કેસ કરી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ગેરકાયદે બાંધકામો સામે મનપાનું બુલડોઝર


## વોર્ડ નં. ૧૧માં શ્રીહરી સોસાયટીમાં મિલન વેકરિયાએ જૂના બિલ્ડિંગ પાસે જ ગેરકાયદે નવી બિલ્ડિંગ ઊભી કરી હતી


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ગેરકાયદે બાંધકામો સૌથી મોટું દુષણ બન્યું છે. ટી.પી. શાખાના પૂર્વ અધિકારી મનસુખ સાગઠિયા અને પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીને રાજકોટમાં ગેરકાયદે બાંધકામોમાં એટલી ફાવટ આવી ગઈ હતી કે પોતાની મિલકતોમાં પણ ગેરકાયદે બાંધકામો કરવામાં ચૂક્યા ન હતા. અનેક બાંધકામોને ડિમોલિશનની નોટિસ અપાયા બાદ સેટિંગ થઈ જતા હતા પણ હવે મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ રાજકોટમાં આ સમસ્યા જડમૂળથી દૂર કરવા માટે ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે. જે અન્વયે સૌથી પહેલા શાળા અને વાણિજ્યિક એકમો પર કાર્યવાહી થઈ રહી છે. આ માટે વેસ્ટ ઝોન ટી.પી. શાખાએ જયકિશન સ્કૂલનું નળ કનેકશન કાપી ડિમોલિશનની તૈયારી કરી છે.

રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૧માં આવેલી શ્રીહરી સોસાયટીમાં જયકિશન સ્કૂલ આવેલી છે. આ સ્કૂલનો ધંધો ધીકતો ચાલતા તેની બાજુમાં જ બીજુ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું હતું. જો કે આ પ્રકરણમાં સૌથી મોટી સમસ્યા એ હતી કે તે વિસ્તાર સૂચિત સોસાયટી છે અને સૂચિતમાં છેલ્લા ૨૦ વર્ષથી બાંધકામ પર પ્રતિબંધ છે. જો કે આ બધી બાબતો અવગણીને મિલન વેકરિયાએ કામ ચાલુ રખાવ્યું હતું. જેને લઈને ટી.પી. શાખાએ કલમ ૨૬૦(૧) એટલે કે મંજૂરી વગર બાંધકામ હોવાની નોટિસ આપી ખુલાસો પૂછ્યો હતો. જો કે આ નોટિસનો જવાબ ન આપતા કલમ ૨૬૦(૨) એટલે કે ગેરકાયદે બાંધકામ દૂર કરવાની નોટિસ ૨૩-૦૫-૨૦૨૩ના અપાઈ હતી.

જો કે ત્યારબાદ ટી.પી. શાખામાં આ પ્રકરણ ઠંડુ પડી ગયું હતું. અન્ય ગેરકાયદે બાંધકામોમાં આ અંગે પણ કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ તમામ ગેરકાયદે બાંધકામો ખાસ કરીને ૨૬૦(૨) નોટિસ અપાઈ હોય તેમાં કાર્યવાહી કરવાનો આદેશ કરતા ટી.પી. શાખાની ટીમ સ્થળ પર પહોંચી હતી અને બાંધકામ





શાખાને સાથે રાખી કાર્યવાહી કરવાના ભાગરૂપે નળ કનેકશન કાપ્યા હતા.

ટી.પી. શાખાએ પીજીવીસીએલને પત્ર લખીને વીજ કનેકશન કાપવા પણ કહી દીધું છે. વીજ કનેકશન દૂર કરાયા બાદ ડિમોલિશન માટે સુરક્ષા વ્યવસ્થા ચકાસીને બુલડોઝર ચલાવવામાં આવશે. આ જ રીતે ટૂંક સમયમાં આસપાસના બીજા દબાણો અને ગેરકાયદે બાંધકામોને પણ નોટિસ આપીને એકસાથે કામગીરી ચાલુ કરાશે.

# પિતાએ ગરબા રમવા જવાની ના પાડતા લાગી આવતા યુવતીનો આપઘાત

## રાજકોટના સુભાષનગરમાં રહેતી યુવતિ વડોદરામાં અભ્યાસ કરતી હતીઃ નવરાત્રી કરવા ઘરે આવી હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માતાજીની આરાધનાના પર્વ નવલા નોરતાનો પ્રારંભ થઈ ગયો છે. યુવાઓમાં ગરબે ઘુમવાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે વડોદરામાં અભ્યાસ કરતી કોલેજીયન છાત્રા નવરાત્રી કરવા ઘરે આવી હતી પરંતુ તાવ આવતો હોવાથી પિતાએ ગરબા રમવા જવાની ના પાડતા તેણીને લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



જાણવા મળતી વિગત મુજબ કોઠારિયા રોડ વિસ્તારમાં સુભાષનગર મેઈન રોડ પર કેશવ વિદ્યાલય પાસે રહેતી ભૂમિકા અશ્વિનભાઈ વાળા (ઉ.વ.૧૮) નામની યુવતિએ ગત તા. ૨ ના બપોરે ત્રણ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં તેણીનું સારવાર દરમિયાન આજે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા મોત નિપજ્યું હતું. આ અંગે ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં મૃતક ભૂમિકા ત્રણ બહેનમાં મોટી અને તેના પિતા ફેબ્રીકેશનનું કારખાનું ચલાવે છે. તેણી વડોદરામાં પારૂલ યુનિવર્સિટીમાં બીબીએનો અભ્યાસ કરતી હતી. નવરાત્રી કરવા માટે રાજકોટ ઘરે આવી હતી. પરંતુ તેણીને તાવ આવતો હોવાથી તેના પિતા અશ્વિનભાઈએ ગરબા રમવા જવાની ના પાડતા અને તાવ ઉતરી જાય પછી ગરબા રમવા જવાનું કહ્યું હતું. જેથી માઠું લાગી આવતા આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# કોલેજીયન યુવતિ પર ચાલુ ટ્રેનમાં પિતરાઈ ભાઈએ આચર્યુ દુષ્કર્મ

## સુરેન્દ્રનગર પંથકની અને હાલ રાજકોટમાં હોસ્ટેલમાં રહેતી ૧૯ વર્ષીય યુવતિએ કુવાડવા પોલીસમાં નોધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુરેન્દ્રનગર પંથકની અને હાલ અમરગઢ ભીચરી ખાતે આવેલ એચ.એન.શુક્લાની હોસ્ટેલમાં રહી કોલેજમાં જી.એન.એમ.નો અભ્યાસ કરતી ૧૯ વર્ષીય યુવતીએ થાનના ખાખરાથળ ગામે રહેતા કુટુંબી કાકાના દીકરા અનીલ પ્રવીણભાઈ પરમાર સામે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ત્રણ બહેન એક ભાઈમાં નાની છું આ કોલેજમાં એક વર્ષથી અભ્યાસ કરું છું અનીલને હું ઓળખતી હોય ફોન તેમજ વોટ્સઅપમાં વાતચીત કરતા હતા અને ક્યારેક આજી ડેમ ફરવા જતા હતા ગત ૯ મેંના રોજ વેકેશન હોય હું ઘરે ગઈ હતી ત્યારે અનિલે ફોન કરી મારા ઘરે આવ નહિતર હું મરી જઈશ તેવી ધમકી આપતા હું ત્યાં જતા મારી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી લીધો હતો અને જણાવેલ કે કોઈને કહીશ તો હું મરી જઈશ તે પછી મેં તેનો નંબર બ્લોક કરી નાખ્યો હતો તો બીજા દિવસે તેની બહેને ફોન કરી તું બ્લોકમાંથી કાઢી નાખ નહિતર અનીલ મરી જશે તેમ કહેતા મેં બ્લોકમાંથી નંબર કાઢી નાખ્યો હતો બાદમાં અનિલે ફોન કરી ૧૬ તારીખે સવારે કોલેજ બહાર આવજે નહિતર તારા ભાઈને મારી નાખીશ તેવી ધમકી આપતા હું ડરી ગઈ હતી.

૧૬ તારીખે હું જતા લિફ્ટ લઈ ગ્રીનલેન્ડ ચોકડી આવ્યા હતા ત્યાંથી બસ સ્ટેન્ડ અને ત્યાંથી અમદાવાદ ગયા હતા ત્યાં બે દિવસ રોકાયા હતા પૈસા ખૂટતા અનિલે તેનો ફોન વેચી નાખ્યો હતો ત્યાંથી



સુરત ટ્રેનમાં ગયા હતા ત્યાં ૩ દિવસ રોકાયા હતા સુરતથી મુંબઈ ગયા હતા ત્યાં એક દિવસ રોકાયા બાદ સુરત અને ત્યાંથી જામનગર ગયા હતા ત્યાંથી દ્વારકા અને જામનગર થઈ રાજકોટ આવ્યા હતા રાજકોટથી સુરેન્દ્રનગર જતા હતા ત્યારે જનરલ ડબ્બામાં મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી લીધો હતો સુરેન્દ્રનગર જીઆઈડીસી ખાતે અનિલના કાકાના ઘરે જતા મારા માતા પિતા શોધતા પહોચ્યા હતા અને અમને કુવાડવા રોડ પોલીસ સ્ટેશને લઈ જતા ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ભગોરા સહિતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# રેલવે યાર્ડમાં એન્જીનમાંથી ડીઝલની ચોરી કરનાર ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ યાર્ડમાં ટ્રેનના ડીઝલ એન્જિનમાંથી ૪૨૫લીટર ડીઝલની ચોરી કરનાર ચાર આરોપીઓ ની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં રાજકોટ રેલ્વે સ્ટેશન યાર્ડમાં ટ્રેનના ડીઝલ એન્જીનમાંથી ડીઝલની ચોરી થયાની માહિતી ટ્રેનના લોકો પાયલોટ દ્વારા આરપીએફ સ્ટાફને આપવામાં આવી હતી. જે મુજબ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલાની તપાસ માટે આરપીએફ સ્ટાફની વિશેષ ટીમ બનાવવામાં આવી હતી અને તુરંત જ મોટા પાયે તપાસ શરૂ કરવામાં આવી હતી. આરપીએફ સ્ટાફ દ્વારા ઘટના સ્થળની આસપાસના વિસ્તારની તપાસ રેકી ના માધ્યમ થી હાથ ધરવામાં આવી હતી. ઊંડી તપાસ અને વિશ્વસનીય સુત્રો પાસેથી મળેલી માહિતીના આધારે રાજકોટ પોસ્ટના આરપીએફ સબ ઈન્સ્પેક્ટર શ્રી અતુલકુમાર સિંઘ, આશિષ બિરલે, નરેન્દ્ર ગૌતમ, ક્રાઈમ બ્રાન્ચ રાજકોટના સબ ઈન્સ્પેક્ટર નિકુંજ પટેલ, રમેશ ચૈયા અને હેમંત ભાઈ તથા હેડ કોન્સ્ટેબલ રઘુવીર જોગરાણા અને આજુ ભાઈએ શંકાસ્પદ બહારના લોકોને તપાસ માટે રાજકોટ પોસ્ટ પર બોલાવ્યા. રાજકોટના રહેવાસી આ ચાર વ્યક્તિઓ (૧) ફિરોઝ પુત્ર અયુબ ભાઈ જામનો (ઉંમર-૨૮ વર્ષ), (૨) સાહિલ પુત્ર યુનુસ ભાઈ (ઉંમર-૨૭ વર્ષ), (૩) ફૈઝલ પુત્ર ફિરોઝ ભાઈ (ઉંમર-૨૯ વર્ષ) અને (૪) કિશોર છોકરો (ઉંમર - ૧૭ વર્ષ)એ લાંબી પૂછપરછ બાદ પોતાનો ગુનો કબૂલી લીધો અને જણાવ્યું કે તેઓએ મોડીરાત્રે અન્ય મિત્ર મોહસીન સાથે રાજકોટ રેલ્વે સ્ટેશનયાર્ડ ની લાઈન નંબર ૮પર ઊભેલા રેલ્વે ડીઝલ એન્જિન ની ડીઝલ ટાંકીનું ઢાંકણું ખોલીને રબરની પાઈપની મદદથી ડીઝલની ચોરી કરી હતી. તેઓએ ચોરેલુ ડીઝલ પ્લાસ્ટિકના નવ કેરબામાં ભરીને ઓટો રીક્ષા અને ટુ-




વ્હીલર સુઝુકી એક્સેસ માં મુકી મદ્રાસી ખાડા આજી નદી પાસેની ઝાડીઓમાં સંતાડી દીધું હતું. શંકાસ્પદ આરોપીએ આપેલી બાતમીના આધારે આરપીએફ સ્ટાફે આજી નદી પાસેની ઝાડીઓમાંથી સ્થળ પરથી ડીઝલ ભરેલા પ્લાસ્ટીકના ૦૯ નંગ કેરબા કબજે કર્યા હતા, જેમાં ૦૮ નંગ કેરબમાં જેમાં પ્રતિ કેરબા અંદાજે ૫૦ લીટર ડીઝલ અને ૦૧ નંગ કેરબામાં અંદાજે ૨૫લિટર ડીઝલ ભરેલું જોવા મળ્યું હતું. આરપીએફએ ચોરીમાં વપરાયેલ સુઝુકી એક્સેસ વાહન (લગભગ રૂ. ૬૦,૦૦૦/-ની કિંમત) અને ૪૨૫ લિટર ડીઝલ (લગભગ રૂ. ૩૮,૬૭૫/-) સહિત કુલ રૂ. ૧.૨૮ લાખની કિંમતી વસ્તુઓ જપ્ત કરી લીધી છે . અન્ય ફરાર આરોપી મોહસીનની શોધ ચાલુ છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર કમલેશ્વર સિંઘે આરપીએફ દ્વારા ઝડપી કાર્યવાહીની પ્રશંસા કરી છે.

# રાજકોટમાં દોઢ વર્ષથી ગાંજાનો વેપલો કરતો શખ્સ ૮૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયો

## ગાંજો, વજનકાંટો સહિત ૮૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો : જથ્થો વેચવા માટે લાવ્યાની કબુલાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પાઠક સ્કૂલની પાછળ આવેલા આરએમસી આવાસ યોજના ક્વાટરમાં બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડી ગાંજાનો વ્યવસાય કરતા શખ્સને ૭.૧૨૦ કિ. ગ્રા. ગાંજો તથા અન્ય સાધનો સહિત ૮૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.



જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પાઠક સ્કૂલની પાછળ આરએમસી આવાસ યોજનાના ક્વાટરમાં રહેતો અતિક સલીમભાઈ મેતર નામનો શખ્સ બહારથી ગાંજાનો જથ્થો લાવી વેચાણ કરતો હોવાની બાતમી એસઓજીના એએસઆઈ સમિરભાઈ તથા કોન્સ્ટેબલ રવિભાઈને બાતમી મળી હતી. જેના આધારે પી.આઈ. એસ.એમ. જાડેજા સહિતનો કાફલો અર્જુનપાર્કમા આવેલા આરએસી ક્વાટરના બ્લોક નંબર ૧૦ ક્વાટર નંબર ૪૬માં ધસી જઈ દરોડો પાડતા અતિક મેતર ઘરમાં બેસીને ગાંજાની પડીકીઓ બનાવતો ઝડપાઈ ગયો હતો. આથી એસઓજીએ સ્થળ પરથી ૭.૧૨૦ ગ્રામ ગાંજો એક મોબાઈલ ફોન, વજન કાંટો, પ્લાસ્ટિકની કોથળિયો સહિત ૮૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને આતિક સલિમભાઈ મેતરની ધરપકડ કરી હતી. પુછપરછમાં પોતે આ જથ્થો અમદાવાદથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. અને છેલ્લા દોઢ વર્ષથી વેચાણ કરતો હોય તેવી કબુલાત આપી હતી.


# રાજકોટના વેપારી સાથે ૩ કરોડની છેતરપીડી પ્રકરણમાં સ્વામીના આગોતરા જામીન રદ

## વેપારીને ફાયદો થવાનું કહી છેતરપિંડી આચરી, માધવપ્રિયદાસ સ્વામીની ટોળકીના ત્રણ શખ્સોની અગાઉ ઈકોનોમિક સેલની ટીમે કરી હતી ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં વેપારી સાથે ૩ કરોડની ઠગાઈ થયાની ચાર સ્વામી સહીત આઠ સામે ફરિયાદ નોંધાયા બાદ ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી આ પ્રકરણમાં ધરપકડથી બચવા માટે માધવપ્રિયદાસ સ્વામીએ સેસન્સ કોર્ટમાં કરેલી આગોતરા અરજી કોર્ટે નામંજૂર કરી છે. રાજકોટમાં રહેતા અને જમીન મકાનનો વ્યવસાય ધરાવતા જસ્મીનભાઈ બાલાશંકરભાઈ માઢકએ વડતાલ સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી હાંકી કઢાયેલા જુનાગઢના વિજયપ્રકાશ સ્વામી ઉર્ફે વીપી સ્વામી, જયકૃષ્ણસ્વામી ઉર્ફે જેકે સ્વામી, અંકલેશ્વરના માધવપ્રિયસ્વામી ઉર્ફે એમપી સ્વામી, આનંદના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રિય સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા, સુરેશ ઘોરી, પીપળજના ભુપેન્દ્ર શનાભાઈ પટેલ અને લીમ્બના વિજય આલુસીહ ચૌહાણ સામે પોઈચા જેવું મંદિર બનાવવા માટે ૫૧૦ વીઘા જમીન દહેગામ પાસે લેવાની છે તેમાં વિશાળ ગૌશાળા પણ બનાવવાની છે તમે વેપારી તરીકે સોદો કરો તો અમને અને તમને બંનેને ફાયદો થશે તેવું કહી ૩ કરોડની ઠગાઈ આચર્યાની ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.દરમિયાન આ ગુનામાં સુરત પોલીસે સુરતના લાલજીને દબોચી લઈ રાજકોટ પોલીસને સોપ્યો હતો તેમજ આર્થિક ગુન્હા નિવારણ શાખાની ટીમે કૌભાંડમાં સંડોવાયેલ ભુપેન્દ્ર પટેલ અને વિજય ચૌહાણને ગોવાથી દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી આ કેસમાં અન્ય ફરાર આરોપીઓને પણ પકડવા માટે પોલીસે જુદી જુદી દિશામાં તપાસનો ધમધમત શરુ કર્યો હોય જેથી ધરપકડથી બચવા માટે માધવપ્રિયદાસ સ્વામીએ આગોતરા અરજી કરી હતી જેમાં આરોપીઓને ખોટા જમીનમાલિક અને ખોટા દલાલો ઉભા કરી મોટી રકમની છેતરપીંડી આચરી હોવાની દલીલો કરવામાં આવતા સેસન્સ કોર્ટે વીપી સ્વામીની આગોતરા અરજી રદ કરી છે.

# કોઠારીયા સોલવન્ટ પાસે ગરબી જોવા જતા યુવાન પર ગંજેરીઓનો લુંટના ઈરાદે હુમલો



કોઠારીયા વિસ્તારમાં ગરબી જોઈને પરત ફરતા યુવકને જાહેરમાં ચલમ ફૂંકતા ત્રણ શખ્સોએ રોકી ખિસ્સા ફંફોળી છરી વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં આવેલા શીતળાધાર પાસે રહેતો વીરબહાદુર હરિભાઈ મહંતો નામનો ૩૬ વર્ષનો પરપ્રાંતિય યુવાન રાત્રીના પોતાના ઘર પાસેથી ગરબી જોઈને ઘરે પરત જતો હતો. ત્યારે સચિન અને તેની સાથેના ત્રણ અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી પગના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં હુમલામાં ઘવાયેલો વીરબહાદુર મહંતો મૂળ બિહારનો વતની છે અને અહીંયા કડીયા કામ કરી પરિવારને આર્થિક મદદ કરે છે. પોતાના ઘર નજીક ગરબી જોઈને પરત ફરી રહ્યો હતો ત્યારે જાહેરમાં રસ્તા ઉપર ચલમ ફકતા શખ્સોએ વીરબહાદુર મહંતોને ઉભો રાખી ખિસ્સા ફંફોળી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવે અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં બહેનના ઘરે આવેલા કોટડાસાંગાણીના યુવાનનું બેભાન થઈ જતા મોત

કોટડાસાંગાણી તાલુકાના યુવાનનું રાજકોટમાં બહેનના ઘરે બિમારીની સારવાર માટે આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ દવા દઈ રજા આપી હતી. ગઈકાલે છાતીમાં દુખાવો ઉપડતા ૧૦૮ને જાણ કરતા ઈએમટીએ તપાસી મૃત જાહેર કરતા પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. કોટડાસાંગાણીના અરડોઈ ગામે રહેતા મહેશભાઈ પમાભાઈ બગડા ઉ.વ.૨૮ નામનો યુવાન ગત.તા.30 ના તેમની માતા સાથે શહેરના રોહિદાસપરામાં રહેતા તેમના બહેન રંજનબેનના ઘરે પોતાની બિમારીની સારવાર કરાવવા માટે આવ્યો હતો. અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ દવા દઈ રજા આપી હતી. દરમ્યાન ગઈકાલે તેઓને છાતીમાં દુખાવો ઉપડયા બાદ બેભાન થઈ જતાં પરિવારજનોએ ૧૦૮ને જાણ કરતાં ઈએમટી સહિતનાએ દોડી તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે બી ડિવીઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# આંબેડકરનગર ના શખ્સે પ્રથમ લગ્ન છુપાવી યુવતી સાથે મિત્રતા કેળવી ખોટું લગ્ન સર્ટી બનાવવાની ફરિયાદ

શહેરના સાધુવા સોણી રોડ પર વિશ્વકર્મા સોસાયટી માં રહેતી અને અભ્યાસ કરતી ૨૨ વર્ષીય આહીર યુવતીએ ગાંધીગ્રામ બે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આંબેડકર નગરમાં રહેતો રાજુ ધનજી વર્ણ નામના સક્સે તેની સાથે મિત્રતા કેળવી વિશ્વાસમાં લઈ તેના ડોક્યુમેન્ટ મેળવી લઈ કાગળો પર સહી કરાવી પોતાની ઉંમર છુપાવી અને અગાઉ થયેલા લગ્ન અંગે કોઈ માહિતી નહીં આપી છેતરપિંડી કરી ખોટું મેરેજ સર્ટી બનાવી તેની ઝેરોક્ષ વાયરલ કરતા યુવતીએ ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પી.એસ.આઇ કે એસ મિશ્રાએ અસક્ષ વિરોધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

# મારામારી સાહિતના ગંભીર ગુનામાં નાસતા ફરતા ચાર આરોપી ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના અલગ-અલગ ગુનાઓના નાસતા ફરતા આરોપીઓને પકડવા પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ સુચના આપી હોય તેને પગલે પેરોલ ફર્લો સ્કોવર્ડની ટીમે છેતરપીંડી, દારૂ અને મારામારીના ગુનામાં નાસતા ફરતા ચાર આરોપીને ઝડપી લીધા હતા. પેરોલ ફર્લો સ્કોવર્ડના પી.આઈ. સી.એચ.જાદવની રાહબરીમાં પી.એસ.આઈ. જે.જી.તેરૈયા, એ.એસ.આઈ. અમૃતભાઈ મકવાણા, રોહિતભાઈ કછોટ, રાજદિપસિંહ ચૌહાણ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળના છેતરપિંડીના ગુનાના આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ હરજી મકવાણા (રહે. હાલ રૈયાધાર




રાધેશ્યામ ગૌશાળાની બાજુમાં મુળ ભાદર ઝાપા નાની ખત્રીવાડ કુતીયાણા જી. પોરબંદર) સાત વર્ષથી નાસતો ફરતો હતો તેને ઝડપી લઈ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં સોંપી દીધો હતો. જ્યારે પડધરી પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં સાબાઝ જુમા દલ (રહે. મોવૈયા ગામ તા.પડધરી)ને ઝડપી લઈ પડધરી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. તેમજ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારના મારામારી તેમજ હુમલાના ગુનામાં નાસતા ફરતા વિજય ઉર્ફે રૂડી રાજેશભાઈ પરમાર (રહે. કુબલીયાપરા શેરી નં.૫ ચંદ્રીકા પાનની બાજુ) તેમજ તેમના સાથી શક્તિ ધમા જાડેજાને ભાવનગર રોડ, રાજમોતી મીલ પાસેથી ઝડપી લઈ થોરાળા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

# મગજ ભમતો હોવાથી ચોટીલા નજીક ટ્રક ચાલકે પોતાના જ ગુપ્તાંગમાં છરી ઝીંકી

ચોટીલા નજીક વણકી ગામ પાસે ટ્રક ચાલકે મગજ ભમતો હોવાથી જાતે જ ગુપ્તાંગમાં છરી ઝીંકી દેતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. મુળ આંધ્રપ્રદેશના પ્રૌઢ ટ્રકમાં મકાઈ ભરીને આવતા હતા ત્યારે હાઈવે પર ટ્રક ઉભો રાખી સુતા હતા ત્યારે આ પગલું ભરી લીધું હતું. જાણવા મળતી વિગત મુજબ મુળ આંધ્રપ્રદેશના વિજયવાડાનો ટ્રક ચાલક શયધભાઈ શયફુલભાઈ શેખ (ઉ.વ.૫૫) નામના પ્રૌઢ મહારાષ્ટ્રથી ટ્રકમાં મકાઈ ભરીને ચોટીલા આવતા હતા ત્યારે ગઈકાલે સવારે ચોટીલાના વાગડી ગામ પાસે ટ્રક ઉભો રાખી સુતા હતા ત્યારે પોતાની જાતે ગુપ્તાંગમાં છરી ઝીંકી દેતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે પ્રથમ ચોટીલા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ચોટીલા પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક પુછપરછમાં મગજ ભમતો હોવાથી એ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં ટ્રકચાલક બે ભાઈમાં નાના અને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

# વિહાન પંજાબીનો જન્મ દિવસઃ શુભેચ્છા



આવતીકાલે તા.૬ના રવિવારના રોજ નવિહાનથ પંજાબીનો જન્મ દિવસ છે તેના આ શુભ દિવસે તેમના મમ્મી સીમરન પંજાબી, પપ્પા પ્રેમ પંજાબી તેમજ હૈરી અને અંકિત મેઘરાજાની તથા સામાજિક કાર્યકર્તા યોગેશ માખેચા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણી તેમજ સમગ્ર ગુજરાત રાજ્યના આયુર્વેદ એસોસીએશનના પ્રમુખ ડો.સંજયભાઈ જીવરાજાની તરફથી નવિહાનથને જન્મ દિવસનની ખુબ ખુબ શુભકામના પાઠવવામાં આવી છે.

# ભગવાન બુદ્ધ અને ડો. આંબેડકર વિશે અપમાનજનક ટિપ્પણી કરનાર સામે ફરિયાદ

સોશિયલ મીડિયામાં ભગવાન બુદ્ધ અને ડોક્ટર બાબા સાહેબ આંબેડકર વિશે અપમાનજનક ટિપ્પણી કરનાર અંજાર તાલુકાના ખંભાળા ગામના શક્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાય છે. કાલાવડ રોડ પર પ્રેમ મંદિર સામે આંબેડકર નગરમાં રહેતા માર્કંડભાઈ નરસિંહભાઈ સોંદરવા નમના યુવાને કચ્છ અંજારના ખંભાળા ગામના ભરતસિંહ અજીતસિંહ વાઘેલા વિરોધ રાજકોટના સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે આ ઇસમે સોશિયલ મીડિયામાં તથા રફભચબજ્ઞજ્ઞસ માં પોતાના આઈડી માંથી ભગવાન બુદ્ધ વિશે અપમાનજનક શબ્દો લખી પોસ્ટ કરી હોય તથા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર વિશે અપમાનજનક શબ્દો લખી પોસ્ટ કરી અનુસૂચિત જાતિ સમાજની ધાર્મિક લાગણી દુભાવી કોમેન્ટમાં પ્રતિબંધિત શબ્દોનો ઉપયોગ કરી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પીઆઇ આર જી પઢિયારે પ્રાથમિક તપાસ હાથ ધરી છે